# 53

## છોટા ઉદેપુર અને ગાંધીનગર જિલ્લામાં કુપોષિત બાળકો

*15/4/501 **શ્રી અમૃતજી મોતીજી ઠાકોર** (કાંકરેજ): **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | | જવાબ |
|---|---|---|

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ ની સ્થિતિએ છોટા ઉદેપુર અને ગાંધીનગર જિલ્લામાં જિલ્લાવાર કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા કેટલી છે,

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ ની સ્થિતિએ છોટા ઉદેપુર અને ગાંધીનગર જિલ્લામાં જિલ્લાવાર કુપોષિત બાળકોની સંખ્યા આ મુજબ છે.

| જિલ્લો | બાળકોની સંખ્યા |
|---|---|
| છોટા ઉદેપુર | ૧૯૮૯૮ |
| ગાંધીનગર | ૧૪૬૨૬ |

(૨) તે પૈકી ઉક્ત જિલ્લાવાર ઓછા વજનવાળા અને અતિઓછા વજનવાળા બાળકો કેટલા છે,

(૨) તે પૈકી જિલ્લાવાર ઓછા અને અતિઓછા વજનવાળા બાળકોની સંખ્યા આ મુજબ છે.

| જિલ્લો | ઓછા વજનવાળા બાળકોની સંખ્યા | અતિ ઓછા વજનવાળા બાળકોની સંખ્યા | કુલ |
|---|---|---|---|
| છોટા ઉદેપુર | ૧૪૨૭૭ | ૫૬૨૧ | ૧૯૮૯૮ |
| ગાંધીનગર | ૧૧૫૧૧ | ૩૧૧૫ | ૧૪૬૨૬ |

(૩) ઉકત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર છેલ્લા એક વર્ષમાં કેટલા બાળકોનો વધારો કે ઘટાડો થયો, અને

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આ મુજબ બાળકોનો વધારો કે ઘટાડો થયો છે.

| જિલ્લો | છેલ્લા એક વર્ષમાં થયેલ વધારો/ઘટાડો | |
|---|---|---|
| | વધારો | ઘટાડો |
| છોટા ઉદેપુર | ----- | ૪૭૯૬ |
| ગાંધીનગર | ------- | ૬૯૧ |

(૪) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આવા બાળકોમાંથી

(૪) ઉક્ત સ્થિતિએ પોષણ સ્તરમાં સુધારો કરવા માટે આ મુજબની કાર્યવાહી કરવામાં આવેલ છે.

| કુપોષણ દૂર કરવા સરકારે શાં પગલાં લીધાં? | <ul><li>આંગણવાડી કેન્દ્રો ખાતે ૩ થી ૬ વર્ષના બાળકોને સવારનો ગરમ નાસ્તો અને બપોરનું ભોજન આપવામાં આવે છે. અઠવાડિયામાં બે દિવસ ફળ આપવામાં આવે છે</li><li>સમગ્ર રાજ્યના તમામ ઘટકમાં ૬ માસથી ૩ વર્ષના બાળકોને બાલશક્તિના ૫૦૦ ગ્રામનું એક એવા ૭ પેકેટસ, અતિ ઓછા વજનવાળા બાળકોને બાલશક્તિના ૫૦૦ ગ્રામનું એક એવા ૧૦ પેકેટસ અને ૩ થી ૬ વર્ષના અતિ ઓછા વજનવાળા બાળકોને બાલશક્તિના ૫૦૦ ગ્રામનું એક એવા ૪ પેકેટસ આપવામાં આવે છે.</li><li>રાજયના તમામ આંગણવાડી કેન્દ્રોમાં લાભાર્થીઓના પોષણ સ્તરમાં સુધારો લાવવા સત્વ ફોર્ટિફાઈડ આટો, ફોર્ટિફાઇડ ચોખા તેમજ ફોર્ટિફાઈડ તેલ પુરું પાડવામાં આવે છે.</li><li>દૂધ સંજીવની યોજના અંતર્ગત છોટા ઉદેપુર જિલ્લાના બોડેલી, જેતપુર પાવી, છોટા ઉદેપુર, ક્વાંટ અને નસવાડી તાલુકાઓમાં આંગણવાડી કેન્દ્રોમાં આવતા ૬ માસથી ૬ વર્ષના બાળકોને અઠવાડીયામાં ૫ દિવસ ૧૦૦ મિલી. પેશ્ચુરાઈઝડ ફોર્ટીફાઇડ ફ્લેવર્ડ દૂધ આપવામાં આવે છે.</li></ul> |
|---|---|

--------------------------------------------